# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



## જીત કે કુરબાની

વારતા રે વારતા

**મેદાનમાં અદ્‌ભુત શાંતિ છવાઈ ગઈ. બધા આશ્ચર્યમાં. કોઈ બોલતું ન હતું. આરવ થોડી વાર પછી ઊભો થયો. બંનેએ ફરીથી હાથ જોડ્યા અને નવી શરૂઆત કરી. આ વખતે આરવ જીત્યો પણ વિક્રમના ચહેરા પર પણ સ્મિત હતું**

ગામનું નામ હતું સુખપુર – નાનું, શાંત અને પરિશ્રમથી ભરેલું ગામ. એ ગામમાં બે મિત્રો રહેતા -આરવ અને વિક્રમ. બંને બાળપણથી સાથે શાળાએ જતા, સાથે રમતા અને એકબીજાના દુઃખ-સુખના સાથી હતા. બંનેનું એક જ સપનું હતું, એક દિવસ ગામનું નામ રોશન કરવાનું.

સુખપુરમાં દર વર્ષે એક મહાકૂસ્તી સ્પર્ધા થતી, જેમાં આસપાસના ગામના બધા યુવાન ભાગ લેતા. આ વખતે વિજેતાને ‘ગામશ્રી’નો ખિતાબ અને એક મોટું ઇનામ મળવાનું હતું. આખું ગામ ઉત્સાહમાં હતું. આરવ અને વિક્રમ બંનેએ નક્કી કર્યું કે આ વખતે તેઓ જીતશે! પોતાના પરિશ્રમથી અને ઇમાનથી.

દિવસ-રાત બંને કસરત કરતાં. સવારના કાળજાર તડકે પણ તેઓ ખેતરમાં દોડતાં, નદીકાંઠે હાથ-પગ મજબૂત બનાવતાં. આરવ શારીરિક રીતે મજબૂત હતો, એની તાકાત પર ગામના બધા ગર્વ કરતા. વિક્રમ થોડોક નબળો હતો, પરંતુ તેની સમજ અને ધીરજ અદભૂત હતી. આરવ બોલતોઃ

‘વિક્રમ, તાકાતથી જ માણસ જીતે છે.’

વિક્રમ હસીને બોલતોઃ ‘ના આરવ, ક્યારેક દિલની પણ જરૂર પડે છે.’

સ્પર્ધાનો દિવસ આવ્યો. આખું મેદાન ભરેલું હતું. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ બધા પોતાના ગામના છોકરાઓને હિંમત આપી રહ્યા હતા. આરવ અને વિક્રમ બંનેએ પોતાની શરૂઆતની લડાઈઓમાં ધમાકેદાર જીત મેળવી. હવે અંતિમ મુકાબલો બંને વચ્ચે જ થવાનો હતો.

ઢોલ વાગ્યા, લોકો ચીસો પાડતા, વાતાવરણ વીજળી જેવી ઊર્જાથી ભરાઈ ગયું. બંને મિત્રો મેદાનમાં ઉતર્યા હતાં, પણ આજે વિરોધી બન્યા હતા. લડત શરૂ થઈ. આરવ સતત હુમલા કરતો રહ્યો, પણ વિક્રમ શાંત હતો. એ બધી રીતે આરવના પ્રહારોનો જવાબ ધીરજથી આપતો. સમય પસાર થતો ગયો. આખરે આરવ થાકીને થોડીક ક્ષણ માટે સંતુલન ગુમાવી બેઠો એ જ સમયે વિક્રમ પાસે તક આવી. તે આરવને જમીન પર પાડી શકતો હતો, વિજય એની હાથમાં હતો.

પણ એ ક્ષણે વિક્રમએ જોયું આરવનો પગ વળી ગયો હતો. તે દુઃખથી ચીસ પાડી રહ્યો હતો. વિક્રમ અટકી ગયો. તેણે આરવને જમીન પરથી ઉઠાવ્યો અને બોલ્યો,

‘આ રીતે જીતવું એ જીત નથી, આરવ. ચાલ, તું ઠીક થઈ જા, પછી લડીએ.’

મેદાનમાં અદ્‌ભૂત શાંતિ છવાઈ ગઈ. બધા આશ્ચર્યમાં. કોઈ બોલતું ન હતું. આરવ થોડી વાર પછી ઊભો થયો. બંનેએ ફરીથી હાથ જોડ્યા અને નવી શરૂઆત કરી. આ વખતે આરવ જીત્યો પણ વિક્રમના ચહેરા પર પણ સ્મિત હતું.

સ્પર્ધા પછી ગામના સરપંચે કહ્યું:

‘આજે જીત આરવની છે, પણ વિક્રમની કુર્બાની એ સત્ય વિજય છે. કોઈપણ યુદ્ધમાં મનુષ્યતા જો જીતી જાય, તો એ જ સાચી જીત કહેવાય.’ તે દિવસથી આખું ગામ એ વાત યાદ રાખતું થયું. જીત તે જ સત્ય છે, જ્યારે એમાં દિલની કુર્બાની છુપાયેલી હોય.

વર્ષો પછી જ્યારે ગામના બાળકો શાળા જતા, ત્યારે શિક્ષક વારંવાર એ વાર્તા કહેતાઃ ‘બાળકો, જીવનમાં જીતવા માટે ક્યારેક હાર સ્વીકારવી પડે છે. જે હાર માણસને નમ્રતા શીખવે, એ હાર જ સાચી જીત છે.’

## ભારતમાં લોકો દૂધવાળી ચા કેમ પીવે છે?




ચા વગર દિવસ અધૂરો છે! - દુનિયાભરના મોટાભાગના લોકો ચા વગર પોતાની સવારની શરૂઆત કરતા નથી. ભારતમાં આ માત્ર એક આદત નથી, તે એક ભાવના છે.

ભારતીયોને દૂધવાળી ચા બ્રિટિશની ભેટ હતી. 1900ના દાયકામાં બ્રિટિશ કંપનીઓએ ભારતમાં ચાને પ્રોત્સાહન આપ્યું અને લોકોને દૂધ અને ખાંડ સાથે પીવા માટે પ્રોત્સાહિત કર્યા. આ પ્રથા પાછળથી રાષ્ટ્રવ્યાપી ઓળખ બની.

દૂધ એ ભારતીય રસોડાનો એક અભિન્ન ભાગ છે - દૂધ ભારતીય રસોડામાં પોષણ, શુદ્ધતા અને પરંપરાનું પ્રતીક છે. તેથી, જ્યારે ચામાં દૂધ ઉમેરવામાં આવે છે, ત્યારે તે માત્ર એક પીણું જ નહીં પરંતુ આરામ અને સંબંધનું પ્રતીક બની જાય છે.



મસાલા ચાનો જાદુ - ભારતમાં ચામાં આદુ, એલચી, તજ અને લવિંગ જેવા મસાલાઓનો સ્વાદ ઉમેરવામાં આવે છે - તેને દરેક શેરી, સ્ટેશન અને ખૂણા પર એક પ્રિય પીણું બનાવી દીધું છે.

ચા ભારતની એકતાનું પ્રતીક છે. ભાષા, ધર્મ કે ખોરાક અલગ અલગ હોઈ શકે છે, પરંતુ ચાનો કપ ભારતના દરેક ખૂણાના લોકોને એક કરે છે. આ જ તેને “રાષ્ટ્રીય પીણું” નો દરજ્જો આપે છે. બાકીની દુનિયા ચામાં દૂધ કેમ નથી નાખતી? ચીન અને જાપાનમાં ચાનો અધિકૃત સ્વાદ અને સુગંધ જાળવવા માટે દૂધ વિના પીવામાં આવે છે. યુરોપમાં ચાને હળવા દૂધ સાથે અથવા દૂધ વિના પણ પસંદ કરવામાં આવે છે. વિજ્ઞાન એ પણ સૂચવે છે કે દૂધવાળી ચા ફાયદાકારક છે. કેમ કે દૂધમાં રહેલા પ્રોટીન ચાની કઠોરતા ઘટાડે છે. આદુ અને એલચી પાચન અને રોગપ્રતિકારક શક્તિમાં સુધારો કરે છે. એટલા માટે સ્વાદની સાથે સાથે હેલ્થનો પણ ફાયદો થાય છે.

### હેપ્પી બર્થડે



નામ : યશશ્રી પવાર
માતા : કિંજલ પવાર



નામ : રાજની સગર
માતા : ભક્તિ સગર

### રસ્તો શોધો



### ટપકાં જોડો



### શબ્દો પૂરો




### તફાવત શોધો





## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| H | A | S |
| | | |
| | | |
| S | I | M |

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 6 | | 4 | | 2 | = | 15 |
| 2) | 8 | | 6 | | 4 | | 2 | = | 16 |
| 3) | 8 | | 6 | | 4 | | 2 | = | 12 |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 1 | | |
| | 5 | |
| | | 4 |

વર્તુળો: 22, 23 (ઉપર); 22, 23 (નીચે)

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કોફીને સંબંધિત 7 શબ્દો બનાવો

| | | | |
|---|---|---|---|
| PS | ST | NEY | LD |
| ED | PO | NG | UR |
| UND | RO | SI | IC |
| HO | MI | PO | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 4 |
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 1 |

**જવાબ**

1. ICED
2. MILD
3. POUR
4. SIPS
5. HONEY
6. POUND
7. STRONG

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | × | 6 | ÷ | 4 | + | 2 | = | 15 |
| 2) | 8 | + | 6 | + | 4 | - | 2 | = | 16 |
| 3) | 8 | + | 6 | - | 4 | + | 2 | = | 12 |

Q2

| | | |
|---|---|---|
| H | A | S |
| H | I | S |
| H | I | M |
| S | I | M |

Q3

| | | |
|---|---|---|
| 1 | 9 | 3 |
| 7 | 5 | 6 |
| 2 | 8 | 4 |

વર્તુળો: 22, 23 (ઉપર); 22, 23 (નીચે)